# શાળા પરિસરો પુનઃ બાળકોના કલરવથી ગુંજી ઉઠયા

## ઘણા વાલીઓ એડમીશન માટે દોદાદોડીમાં વ્યસ્ત : પુસ્તકો-ગણવેશ-દફતરની બાકી રહી ગયેલી ખરીદી માટે વાલીઓના છેલ્લી ઘડીના ઉધામા : પ્રથમ દિવસે વાદળછાયા વાતાવરણથી ગરમીમાં રાહત મળતા હાશકારો અનુભવાયો

ગાંધીનગર, તા.૮

ગાંધીનગરમાં આજથી નવા શૈક્ષણિક સત્રનો પ્રારંભ થયો હતો અને સવા મહિનાના લાંબા વેકેશન બાદ શાળા પરિસરો ફરીથી બાળકોના કિલ્લોલથી ગુંજી ઉઠયા હતા. સત્રના પ્રથમ દિવસે વાતાવરણ આકાશમાં વાદળભર્યું રહેવાથી ગરમીમાં રાહત મળવાથી બાળકો અને વાલીઓમાં હર્ષની લાગણી જોવા મળી હતી. એક તરફ ઘણા વાલી એડમીશનની ધમાલમાં દોડાદોડી કરવામાં વ્યસ્ત હતા તો બીજી તરફ કેટલાક વાલીઓ પુસ્તકો-ગણવેશ વગેરેની ખરીદી કરવામાં પરોવાયેલા હતા. બાળકોમાં વેકેશન બાદ ફરી શાળાકીય મિત્રોને મળવાનો અને વેકેશનના અનુભવો વહેંચવાનો ઉત્સાહ સમાતો નહોતો.

શૈક્ષણિક સત્રના પ્રથમ દિવસે શાળાઓમાં વિદ્યાર્થીઓની હાજરી મધ્યમ જણાઈ હતી. પહેલા દિવસે શૈક્ષણિક કાર્ય પ્રારંભ નહીં થાય તેવી અપેક્ષાએ ઘણા બાળકોએ સ્કૂલે જવાનું ટાળ્યું હતું તો અનેક પરીવારો વેકેશનના પ્રવાસેથી પરત ફરી રહ્યા હોઈ તેમના બાળકો આજે શાળામાં ઉપસ્થિત થઈ શકયા નહોતા. ઘણા બધા વાલીઓને બાળકો માટે પુસ્તકો, નોટબુક, ચોપડા, ગણવેશ, દફતર, બુટમોજા વગેરેની ખરીદી બાકી રહી ગઈ હોઈ આજના દિવસે તેની ખરીદી કરી હતી જેના કારણે સે-૨૧ અને સે-૨૪ તેમજ સે-૭ વગેરે બજારોમાં ભીડ જોવા મળી હતી. સે-૨૧ અને સે-૨૪માં સોમવારે રજા રહેતી હોવા છતાં આજે શૈક્ષણિક સત્રને અનુલક્ષીને સ્ટેશનરીની દુકાનો ચાલુ રહેવા પામી હતી.

એસએસસી બોર્ડની પરીક્ષાના રીઝલ્ટ પછી ધો-૧૧માં મનગમતી સ્કુલમાં પ્રવેશ મેળવવા વાલીઓએ છેલ્લી ઘડીના પ્રયત્નો હાથ ધર્યા હતા. શાળાના સમયે નગરના માર્ગો પર ફરીથી સ્કૂલ વાન અને રીક્ષાઓનો ટ્રાફિક જોવા મળ્યો હતો. મે મહિનાના અંતમાં ઉનાળાની આકરી ગરમીએ માઝા મુકી હતી તેમાં જૂના પ્રારંભે વરસાદ પહેલાના ઉકળાટનો ઉમેરો થતાં છેલ્લા બે ત્રણ દિવસથી ગરમી અસહ્ય બની હતી ત્યારે વાલીઓ બાળકોના સ્વાસ્થ્ય માટે ચિંતિત બન્યા હતા. જો કે આજે સત્રના પ્રથમ દિવસે જ વહેલી સવારથી આકાશમાં વાદળો ઉમટી પડયા હતા જેના કારણે દિવસભર ગરમીમાં ઘણી રાહત અનુભવાઈ હતી. સૂરજદાદાનો આકરો તાપ આજે બાળકોના માથેથી હટી જતા વાલીઓમાં હર્ષની લાગણી ફેલાઈ હતી. આગામી



(તસવીર : કશ્યપ નિમાવત)

દિવસોમાં શાળા પ્રવેશોત્સવ યોજાવાનો હોઈ શિક્ષણ તંત્ર તેની તૈયારીઓમાં વ્યસ્ત બન્યું હતું. જયારે પહેલા સપ્તાહમાં સફાઈ અભિયાન હાથ ધરાવાનું હોઈ શાળા સંચાલકો અને કર્મચારી ગણ પ્રવેશ પ્રક્રીયા ઉપરાંત વધારાના આયોજનની તૈયારીઓમાં જોતરાયેલા જોવા મળ્યા હતાં.

# નબીરાઓની બાઈક રેસથી સ્વર્ણિમ પાર્કના સહેલાણીઓ સ્તબ્ધ...!!

## રાત્રે અગિયાર વાગ્યાના સુમારે સતત 'ધૂમ' બાઈક રેસિંગથી પરિવાર સાથે હળવા થવા આવેલા પરિવારો ભયભીત : પોલીસે લાલ આંખ કરવાની તાતી જરૂર : તોફાની રેસ સમયે બાળકો સાથે રસ્તો ક્રોસ કરવાનું ટાળતા નગરજનો

ગાંધીનગર, તા.૮

ગાંધીનગરના ઘ-૪ સર્કલ થી મહાત્મા મંદિર સુધીના સ્વર્ણિમ પાર્ક પર રાત્રિના સમયે ઉનાળાની સીઝન હોવાથી મોટા પ્રમાણમાં સહેલાણીઓ ઉમટી પડે છે. આવા સમયે છેલ્લા ત્રણ-ચાર દિવસથી કેટલાક તોફાની યુવાનો ખૂબ જ ઘોંઘાટ કરતા બાઈકની રેસ લગાવી ડરામણો માહોલ ઉભો કરી રહ્યાં છે. પરિવાર સાથે ગરમીની સીઝનમાં હળવા થવા આવેલા નગરજનો આ બાઈકર્સ ગેંગથી ફફડી ઉઠે છે અને પોલીસ પણ આ મસ્તીઝાદાઓ પ્રત્યે આંખ મીંચામણા કરતી હોવાથી નિરાશ થઈ રહ્યાં છે.

રાત્રે આઠ વાગ્યા પછી સ્વર્ણિમ પાર્ક એ ગાંધીનગરનું પરિવાર સાથે રીફ્રેશ થવાનું સેન્ટર બની રહ્યું છે. એક તરફ ઉનાળાની અસહ્ય ગરમી અને વરસાદી આગમન પહેલાનો ઉકળાટ જયારે બીજી તરફ વેકેશનના આખરી દિવસો હોવાથી છેલ્લા એક અઠવાડિયામાં અહીં રોજ રાત્રે મેળા જેવો માહોલ સર્જાય છે.

લગભગ ૧૦ વગ્યા સુધીમાં તો સંપૂર્ણ સ્વર્ણિમ પાર્ક આનંદ કિલ્લોલ કરતા ભૂલકાંઓ સાથેના પરિવારો સાથે ભરચક થઈ જાય છે. પાર્કની બંને તરફના માર્ગ પણ વાહનોના આડેધડ પાર્કિંગ તેમજ ઠંડા પીણા, બરફગોળા, રમકડાં અને ખાણીપીણીની લારીઓના બેફામ દબાણથી ખીચોખીચ ભરાઈ જાય છે. આવા ભરચક માહોલમાં જયાં બાળકો નિશ્ચિંત થઈ રસ્તા પરથી પસાર થતા હોય ત્યાં લગભગ પોણા અગિયાર વાગ્યાના સુમારે છેલ્લા કેટલાક દિવસોથી લબરમૂછીયા તોફાની યુવાનો મોટા અવાજવાળા બાઈકોની રેસ લગાવી ફરવા આવેલા નગરજનોના જીવ અધ્ધર કરી દેતી રેસ ચાલુ કરી દે છે. આ રેસ ઘ-૪ સર્કલથી મહાત્મા મંદિર વચ્ચેના સ્વર્ણિમ પાર્કની ચોતરફ સતત ૨૫-૩૦ મિનિટ સુધી ચાલે છે અને સમગ્ર વાતાવરણ ઘોંઘાટભર્યું, ભયજનક અને યુવાનોના અટ્ટહાસ્ય ભરેલા હાકલા-પડકારા વાળુ બની જાય છે.

આશ્ચર્યની વાત તો એ છે કે આ સમયે પેટ્રોલીગમાં ફરતી પોલીસ કે બંદોબસ્તમાં મુકાયેલ ટ્રાફિક પોલિસ પણ આ બાઈકર્સ ગેંગને અટકાવતી નથી. જેના કારણે નગરજનો અવાચક પણે તોફાની ખેલ પુરો થાય તેની રાહ જોયા કરે છે. આ સમયે ઘરે પાછા ફરવા માંગતા પરિવારો પણ આ દિલધડક રેસ પુરી થાય ત્યાં સુધી જોખમ લેવાનું ટાળે છે. લબરમુછીયા તોફાની યુવાનોની મોંઘા બાઈકની રેસીગથી વગદાર કુટંબના નબીરા હશે તેવા અંદાજે કદાચ પોલીસ આંખ મીંચામણા કરી રહી હોય તેવી ચર્ચા સાથે સહેલાણીઓમાં નિરાશા અને ઘૃણાની લાગણી ફેલાઈ રહી છે.

# બે દિવસમાં રૂપીયા અઢી લાખથી વધુની કિંમતની મેગી જપ્ત કરાઈ

ગાંધીનગર, તા. ૮

ગાંધીનગર મ્યુનિસિપલ કોર્પોરેશનના ફૂડ વિભાગ દ્વારા પ્રતિબંધિત મેગી નુડલ્સનો જથ્થો રીકોલ કરાવવાની કાર્યવાહી હાથ ધરવામાં આવી છે. આ કાર્યવાહી અંતર્ગત ગત તા. ૬ જૂન, ૨૦૧૫ના રોજ રૂપીયા ૧,૪૧,૩૩૮ની કિંમતનો ૭૭૭.૮૧ કિલોગ્રામ પ્રતિબંધિત મેગી નુડલ્સનો જથ્થો રીકોલ કરાયો હતો. જ્યારે રૂપીયા ૧,૨૫,૮૬૭ની કિંમતનો ૧૪૮.૮૦ કિલોગ્રામ મેગી નુડલ્સનો જથ્થો પરત ખેંચાયો હતો.

ગાંધીનગર મ્યુનિ. કોર્પોરેશનના ફૂડ વિભાગ દ્વારા મ્યુનિ. કમિશનરશ્રીની સૂચના અંતર્ગત ગત તા. ૬ જૂન ૨૦૧૫ના શનિવારના રોજ તથા આજે તા. ૮ જૂન ૨૦૧૫ના રોજ પ્રતિબંધિત મેગી નુડલ્સના જથ્થાને રીકોલ કરવા સંદર્ભની કાર્યવાહી જારી રખાઈ હતી. સે. ૨૫ ખાતે આવેલા જય માર્કેટિંગ ડીસ્ટ્રીબ્યુટર એકમ પર તપાસ હાથ ધરી વિભાગે પ્રતિબંધિત મેગી નુડલ્સના જથ્થાને પરત ખેંચવા સંદર્ભે કાર્યવાહી કરી હતી. ગત તા. ૬ જૂનના રોજ ડીસ્ટ્રીબ્યુટર દ્વારા શહેરના જુદા જુદા ૧૪ વેપારીઓ પાસેથી મેગી-નુડલ્સનો જથ્થો પરત ખેંચાયો હતો. જ્યારે આજે પણ શહેરના જુદા જુદા ૧૨ વેપારીઓ પાસેથી ડીસ્ટ્રીબ્યુટર દ્વારા રૂપિયા ૧,૨૫,૮૬૭ ની કિંમતનો ૧૪૮.૮૦ કિલોગ્રામ પ્રતિબંધિત મેગીનો જથ્થો પરત ખેંચાયો હતો તથા આ જથ્થો ઉત્પાદક કંપનીને પરત મોકલવા કાર્યવાહી હાથ ધરાઈ હતી. દરમિયાન આજે મ્યુનિસિપલ કોર્પોરેશનના ફૂડ વિભાગ અને સેનિટેશન વિભાગ દ્વારા સેક્ટર-૩૦ સર્કલ ખાતે બીન આરોગ્યપ્રદ કેરીના વેચાણ બદલ એક વ્યક્તિને રૂપિયા ૫ હજારનો દંડ ફટકારાયો હતો તથા કેરીના જથ્થાનો નાશ કરાયો હતો.



# કલ્પતરૂ ખાતે ટ્રી પ્લાન્ટેશન... સેવન બિલીયન ડ્રિમ્સ, વન પ્લેનેટ, કન્ઝયુમ વિથ કેરનો નારો

ગાંધીનગર, તા.૮

વિશ્વ પર્યાવરણ દિવસ ૫મી જુનના રોજ કલ્પતરૂ પાવર ટ્રાન્સમિશન લિ. કંપનીમાં ટ્રી પ્લાન્ટેશનનો કાર્યક્રમ આયોજીત કરવામાં આવ્યો. ૭૦૦ કરોડ સ્વપ્નાઓ, એક જ ધરતી એટલે સાવચેતી પૂર્વકના વપરાશના ધ્યેયને ધ્યાનમાં રાખીને આ દિવસ મનાવવામાં આવ્યો.

ગુડાના અધ્યક્ષ આશિષ દવેના હસ્તે વૃક્ષારોણનો કાર્યક્રમ સંપન્ન થયો. કલ્પતરૂના ડાયરેકટર કમલ જૈન, ડી.બી. પટેલ, પ્રેસિડેન્ટ એમ.એ. બારૈયા અને ડી.એસ. ગાંધી જેવા વરીષ્ઠ અધિકારીઓએ પણ વૃક્ષ વાવો અને બચાવોના સંકલ્પ સાથે ટ્રી પ્લાન્ટેશન કર્યું.

આ સરસ મજાના કાર્યક્રમનું આયોજન સાત્વિક ત્રિવેદી દ્વારા કરવામાં આવ્યું. ગુડાના ચેરમેન આશિષ દવેએ રિડયુસ, રિયુઝ અને રિસાયકલ જેવી મહત્વની વાત સાથે આપણે આપણી ધરતી, વૃક્ષો અને સંપત્તિને જાળવીને વાપરવાની હિમાયત કરી હતી. ડાયરેકટર કમલ જૈને વિજળી, પાણી, પેપરના બચતની મહત્વતા સાથે પર્યાવરણ બચાવવાની દિશા ચિંધી હતી.

વિશ્વ પર્યાવરણ દિવસની ઉજવણી સાથે વર્ષ ૨૦૧૫નો નારો 'સેવન બિલીયન ડ્રિમ્સ, વન પ્લેનેટ, કન્ઝયુમ વિથ કેર' છે જેને અપનાવી આપણે આપણું મહત્તમ યોગદાન આપીએ એવી વાત કાર્યક્રમનું સફળ સંચાલન કરનારા સંજય થોરાતે કરી હતી. કલ્પતરૂ પરિવારના સભ્યોએ મોટી સંખ્યામાં ઉપસ્થિત રહીને વિશ્વ પર્યાવરણ દિન મનાવ્યો હતો.

# ઈમ્પેકટ ફીનો કાયદો નગરમાં હોનારત સર્જશે

## ફી ભરીને ખેંચાઈ રહેલા મકાનો પડોશીઓ માટે સમસ્યા રૂપ : આ કાયદાથી શહેર શોપિંગ સેન્ટર બની જશે : સરકારે આ બાબતે પુનઃ વિચાર કરવો જોઈએ

ગાંધીનગર, તા.૮

પાટનગરની ભૂગોળ લોકોને ખૂબ જ આકર્ષિત કરે છે. શહેરની બનાવટના કારણે આજે ગાંધીનગરનું નામ છે. એક સમય માટે જંગલ લાગતું શહેર આજે મહેલોની નગરી બની ગયું છે. પરંતુ થોડા સમય પહેલા સરકારે ઘડેલા ઈમ્પેકટ ફીના કાયદાના કારણે શહેરનો 'સોનાની થાળીમાં લોઢાની મેખ', જેવો ઘાટ ઘડાયો છે. ૯૦ મીટરના મકાનો કાયદાના કારણે બોક્ષમાં ફેરવાઈ ગયા છે. જેનાથી નગરજનોમાં નારાજગી ફેલાઈ છે.

શહેરના સેકટરોમાં ૯૦ મીટરના પ્લોટમાં રહેતા રહિશો દ્વારા દબાણ કરવામાં આવી રહ્યું છે. મકાનો વચ્ચે આવતી કોમન ખુલ્લી જગ્યામાં પાયાથી જ ચણતર કરી શોપિંગ સેન્ટરની જેમ બિલ્ડીંગ ઉભું કરી દેવામાં આવે છે. રૂપિયાવાળા લોકો આખે આખું મકાન જમીનદોસ્ત કરી જમીનથી જ નવું ઉભું કરે છે. જેના કારણે બાજુમાં રહેતા દીન લોકોને પારાવાર સમસ્યાઓનો સામનો કરવો પડે છે.

બોક્ષ ટાઈપ મકાનોના કારણે નગરની સુંદરતાનું ચિરહરણ થઈ રહ્યું છે. ત્યારે કુદરતી આફતોમાં આવા મકાનો વધુ વિનાશ નોંતરશે તેવી પણ શંકા સેવાઈ રહી છે. ભૂકંપ કે આગના સમયે આવા મકાનોમાં રહેતા લોકોનું બચવું મુશ્કેલ બની જશે ત્યારે તંત્રને પણ માથે હાથ મુકી રડવાનો વારો આવશે.

સરકારે ઈમ્પેકટ ફીનો કાયદો કાઢી પોતાની તિજોરી ફુલ કરવાનો પેંતરો રચી કાઢયો છે. પરંતુ આ કાયદાથી નગરનું નામો નિશાન દુર થઈ જશે. પાટનગર એક તબેલામાં ફેરવાઈ જશે. લોકો આડેધડ દબાણો કરી ૯૦ મીટરના મકાનોમાં હવેલીઓનું નિર્માણ કરી રહ્યા છે. ઈમ્પેકટ ફી દ્વારા ગેરકાયદેસર બાંધકામોને સરકાર દ્વારા જ પ્રોત્સાહન પુરું પાડવામાં આવી રહ્યું હોય તેવું ચિત્ર દેખાઈ રહ્યું છે.

શહેરના જાગૃત નાગરિકોએ રાજયના મુખ્યમંત્રી અને ગતિશીલ ગુજરાતના પ્રણેતા આનંદીબેન પટેલ, કલેકટર, કમિશનર મનપા, ગુજરાત ડિઝાસ્ટર મેનેજમેન્ટ ઓથોરીટી અને ચીફ ફાયર ઓફિસરને પત્ર લખી આ બાબતે ઝડપથી નિર્ણય લેવા જણાવ્યું છે. ત્યારે જો સમયસર આ બાંધકામો પર રોક લગાવવામાં નહિ આવે તો ઘોડા નકળી ગયા પછી તબેલાને તાળા મારવાનો કોઈ અર્થ રહેશે નહિ.

● અનુસંધાન પાના - ૭ પર

# ઘ-૫ સ્થિત ઓપન એર થિયેટર ત્રણ શિફટમાં ભાડે અપાશે

## ઓપન એર થિયેટરની ફાળવણી અંગેના નિયમો નિયત કરવામાં આવ્યા : સીઝનમાં ૧૦ હજાર અને ઓફ સીઝનમાં ૫ હજારનું ભાડુ નક્કી કરાયુ

ગાંધીનગર, તા. ૮

ઘ-૫ના મેદાનમાં બનાવવામાં આવેલા ઓપન એર થિયેટરને ત્રણ શિફટમાં ફાળવવામાં આવશે. લગ્ન પ્રસંગની સિઝનમાં દૈનિક રૂ. ૧૦ હજાર અને ઓફ સિઝનમાં રૂ. ૫ હજારનું ભાડુ નક્કી કરવામાં આવ્યું છે. ઘ-૫ સર્કલ જેવા મોકાના સ્થળે બનાવવામાં આવેલ ઓપન એર થિયેટર છેલ્લા ઘણા સમયથી ઉપયોગ વિનાનુ પડ્યું છે. મોકાનુ સ્થળ હોવા છતાં ભાડાની વિસંગતતા જેવા કારણોસર આ સ્થળનો ઉપયોગ થતો ન હતો. આખરે પાટનગર યોજના વિભાગે ઓપન એર થિયેટરના ભાડા નક્કી કર્યા છે. ઓપન એર થિયેટરનું દૈનિક ભાડુ ત્રણ શિફટ અનુસાર નક્કી કરાયું છે. લગ્નપ્રસંગ, રીસેપ્શન જેવા અન્ય હેતુસર ટુંકાગાળાના સમય માટે તેને ભાડે આપવામાં આવી રહ્યું છે. ઓપન એર થિયેટરનું ૨૪ કલાકનું ભાડુ લગ્ન પ્રસંગોની સીઝન પ્રમાણે નક્કી કરવામાં આવ્યું છે. ઉત્તરાયણ પછી લગ્નોની શિઝન શરૂ થતી હોઈ ૧૫મી જાન્યુારીથી ૩૧મી મે સુધી રૂ. ૧૦ હજાર નક્કી કરાયું છે. વરસાદ શરૂ થાય તે પછીનો ગાળો લગ્નો માટે ઓફ સીજન હોઈ ભાડુ રૂ. ૫ હજાર લેવામાં આવશે. તે જ પ્રમાણે ૧ ઓક્ટોબરથી ૧૫મી ડિસેમ્બર સુધી રૂ. ૧૦ હજાર તથા ૧૬મી ડિસેમ્બરથી ૧૪મી જાન્યુઆરી સુધી રૂ. ૫ હજારનું ભાડુ વસુલવામાં આવશે.

આ ઓપનએર થિયેટરમાં ૧૧,૫૫૦ ચો.મી.ની ગાર્ડન લોન, ટોયલેટ બ્લોક, બે રૂમ, પીવાના પાણીની તથા લાઈટની સુવિધા ઉપલબ્ધ છે. વધુ વિગતો અને ફાળવણીની કામગીરી માટે કાર્યપાલક ઈજનેરશ્રી, પાટનગર યોજના વિભાગ-૧ ગાંધીનગરનો સંપર્ક કરવાનો રહેશે.

# આજે ગાંધીનગરમાં

## આજનો દિવસ

સૂર્યોદય : ૫.૫૫
સૂર્યાસ્ત : ૭.૨૪

## તાપમાન

મહત્તમ : ૩૬.૫ ડિ.સે.
લઘુત્તમ : ૨૯.૦ ડિ.સે.

## ભેજનું પ્રમાણ

સવારે ૭૨ ટકા ● સાંજે ૫૩ ટકા

## મનોરંજન

### સિનેમેક્સ

**સ્ક્રીન-૧ :**
ઉડી સન એન્ડ્રીસ : ૯.૩૦, ૫.૨૦, ૧૦.૩૫
બે યાર : ૧૨.૦૦
ઈશ્કેદરિયાં : ૨.૩૦
પિકુ : ૭.૨૦

**સ્ક્રીન-૨ :**
વેલકમ ટૂ કરાંચી : ૧૦.૪૫, ૧.૩૫, ૪.૨૫, ૭.૧૫, ૧૦.૦૫

**સ્ક્રીન-૩ :**
વેલકમ ટૂ કરાંચી : ૯.૩૦
બે યાર : ૧૨.૨૦
ગબ્બર હીઝ બેક : ૩.૩૦
તનુ વેડસ મનુ રીટર્ન : ૬.૦૫, ૯.૦૦

**સ્ક્રીન-૪ :**
બે યાર : ૧૦.૩૦
તનુ વેડસ મનુ રીટર્ન : ૧.૨૫, ૪.૨૦, ૭.૧૫, ૧૦.૧૦

### સિટીપલ્સ

**: સ્ક્રીન-૧ :**
દિલ ધડકને દો : ૩.૧૫, ૬.૪૫, ૧૦.૧૫

**સ્ક્રીન-૨ :**
દિલ ધડકને દો : ૨.૧૫, ૫.૪૫, ૯.૩૦

**સ્ક્રીન-૩ :**
દિલ ધડકને દો : ૧૨.૧૫, ૪.૦૦, ૧૦.૧૫
તનુ વેડ મનુ ૨ : ૭.૧૫

**સ્ક્રીન-૪ :**
જો બકા : ૧૦.૦૦
તનુ વેડ મનુ ૨ : ૧૨.૦૦, ૨.૪૫, ૧૦.૦૦
પીકુ : ૫.૩૦
કાક્કા મુત્તાઈ (તમિલ) : ૭.૪૫

**સ્ક્રીન-૫ :**
દિલ ધડકને દો : ૧૦.૦૦, ૧.૩૦, ૪.૪૫, ૮.૧૫

## આપની આજ

**મેષ** : આત્મવિશ્વાસથી કાર્ય કરવું. વિચારોમાં સકારાત્મકતા અને આશાજનક પ્રવૃત્તિ રાખવી. સારા લોકોથી મુલાકાત થઈ શકે છે, જે તમારા હિતચિંતક બની શકે છે. કાર્યની ગતિમાં વધશે.

**વૃષભ** : તમારી બુદ્ધિ અને ખરા અનુમાન લગાવવાની ક્ષમતાને કારણે સફળતા અને સન્માન પ્રાપ્ત કરશો. પ્રબળ આત્મવિશ્વાસ તથા દૃઢ નિશ્ચયથી જટિલ કાર્યનો ઉકેલ આવશે.

**મિથુન** : રોજગારના ક્ષેત્રમાં તમારો આત્મવિશ્વાસ અને મહત્વમાં વધારો થઈ શકશે. કાર્યની પ્રત્યે ઉતાવળ અને બેદરકારી ન કરો.

**કર્ક** : આર્થિક સ્થિતિ મજબૂત બનતી જણાય. નોકરી- વ્યવસાયમાં અણધારી સફળતા પ્રાપ્ત થશે. મિત્રોના સહયોગથી ઉદ્ભવેલ સમસ્યાનું સમાધાન મળી શકે છે.

**સિંહ** : આપનો પ્રભાવ વધવાથી શત્રુ પરાસ્ત થઈ શકે છે. રાજકારણના ક્ષેત્રમાં પરિવર્તનથી અનુકૂળતા બનશે. આર્થિકક્ષેત્રે નવા આયોજનો થઈ શકે છે.

**કન્યા** : આપ સાહસિત અને અથાગ પરિશ્રમમાં આપ માનો છો તેથી આર્થિક સ્થિતિને લઈને ચિંતા ન કરો. માનસિક દ્વંદ્વને કારણે તમારી નિર્ણય ક્ષમતા પ્રભાવિત થશે.

**તુલા** : ધૈર્યને કારને તમારી મોટીથી મોટી આકાંક્ષા પણ પૂર્ણ થતી જણાય. કુટુંબમાં વૃદ્ધ વ્યક્તિઓના આરોગ્ય તરફ ધ્યાન આપવું જોઈએ.

**વૃશ્ચિક** : આપના થકી થયેલા અથાગ પ્રયત્ન અને પરિશ્રણ સાર્થક થશે. દિવસ પ્રસન્નતામાં પસાર થવાની શક્યતા છે. કાર્ય અને વ્યવસાયના ક્ષેત્રમાં યોગ્ય સફળતા પ્રાપ્ત થઈ શકે છે.

**ધન** : મિત્રોના સહયોગથી સમસ્યાઓનું સમાધાન મળી શકે છે. આવકના નવા સ્ત્રોત ઉભા થવાની સંભાવના છે. આળસ છોડીને કાર્ય સમય પર પૂર્ણ કરો.

**મકર** : ભાગ્યથી પ્રગતિ અને આધ્યાત્મિક લાભ થશે. સમ્માનમાં કમીના અવસરનો સંદેશ કાર્યની ગતિને પ્રભાવિત કરશે. વ્યપારમાં હાનિ થવાની સંભાવના છે.

**કુંભ** : ભૂમિ, વાહન, યંત્ર વગેરેથી લાભ થશે. વ્યાપારમાં નવીન કરારો પર ધ્યાન આપવું હિતકારક રહેશે. પોતાની વસ્તુઓ સંભાળીને રાખો.

**મીન** : માનસિક અસ્થિરતા દૂર થશે. સામાજિક ક્ષેત્રે મહત્વપૂર્ણ ઉપલબ્ધિ મળી શકે છે.વ્યાપાર- વ્યવસાયમાં ભાગીદારીમાં નુકશાનકારક ન બને તેની કાળજી રાખવી.

## ચિરવિદાય

- સ્વ. મધુકરભાઈ મહેન્દ્રરાય ભટ્ટ (ઉ.વ.૬૦) પ્લોટ નં. ૯૪૫/૧, સેકટર-૫સી, ગાંધીનગર
- સ્વ. રમેશજી ચંદુજી ઠાકોર (ઉ.વ.૪૫) મુ. શિહોલી મોટી, તા.જી. ગાંધીનગર
- સ્વ. દિલાવરસિંહ ભગુભા જાડેજા (ઉ.વ.૭૦) ૫૦૮, આદર્શનગર સોસાયટી, સે-૨૪, ગાંધીનગર
- સ્વ. ચંદુભાઈ નાથાભાઈ ધોબી (ઉ.વ.૮૦) મુ. પેથાપુર, તા.જી. ગાંધીનગર
- કાન્તાબેન મોતીલાલ ગોવાણી (ઉ.વ.૯૩) પ્લોટ નં.૩૫૭/૨, સેકટર-૧૨સી, ગાંધીનગર